નવીન.

મણિ કેસરનું રમુજ

ફારસ.

રચનાર તથા પ્રગટ કરનાર.

નારાયણરાવ કેશવરાવ મજમુન્દાર.

સંસ્થાન વોહોરા તાબે સંખેડા મેવાસની
સરકારી નિશાળના આ૦ માસ્તર.

કપડવંજ.

મિત્રમંડળ મુદ્રાલયમાં મુદ્રાંકિત કર્યું.

સન ૧૮૯૮ સંવત ૧૯૫૪

કીંમત ૨ આના.

નવીન.

મણિ કેસૂરનું રમૂજ

ફારસ.

રચનાર તથા પ્રગટ કરનાર.

નારાયણરાવ કેશવરાવ મજમુન્દાર.

સંસ્થાન વોહોરા તાબે સંખેડા મેવાસની
સરકારી નિશાળના આ૦ માસ્તર.

કપડવંજ.

મિત્રમંડળ મુદ્રાલયમાં મુદ્રાંકિત કર્યું.

સન ૧૮૯૮ સંવત ૧૯૫૪

કીંમત ૨ આના.

પાત્ર વર્ગ.

કેસુર—શહેરનો વાણીઓ.

અલી—તેની વહુ.

મોહન	}	તેના દીકરા.
મગન		

અંબાલાલ—કેસુરનો સાસરો.

મોતીલાલ—કેસુરનો સાળો.

મણી—ચંચળના પાડોશીની દીકરી.

ચંચળ—કેસુરની સાસુ.

સોમો—કેસુરનો ચાકર.

વિદુષક—કેસુરનો મિત્ર.

અર્પણ પત્રિકા,

નેકનામદાર ઠાકોર સાહેબ શ્રી
મોટાબાવા ફતેબાવા.

સંસ્થાન વોહોરા.

વિદ્યાની વૃદ્ધિને માટે તેમજ પ્રજાના
સુખમાં વધારો કરનારાં સાધનો
સંપાદન કરવાને આપ સાહેબ
ઘણી હોંશ રાખો છો. વિ-
ગેરે વિગેરે આપના વખા-
ણવા લાયક ગુણોથી આક
ર્શાઇ આ મારી લઘુ
પોથી આપને પ્રેમપૂ
ર્વક અર્પણ કરી હું
મારા મનમાં કૃ
તાર્થ થયો
માનું
છું.

લી૰ સેવક

કર્ત્તા.

પ્રસ્તાવના.

હાલના જમાનામાં કેટલીએક કોમમાં આળસને લીધે યા તો લાલચને લીધે પોતાની દીકરી મોટી થયા છતાં પરણાવતા નથી તેથી તેમાંથી કોઇ વખતે કેવાં માઠાં પરિણામ થાય છે. તે આ લઘુ ચોપડી વાંચવાથી સ્પષ્ટ જણાઇ આવશે.

પરંતુ મારે વિનંતી કરવાની એટલીજ કે, તે પ્રમાણે નહીં થવા સદ્ગૃહસ્થો ધ્યાનમાં લેશે. એવી આશા છે. તેમ આ બુક પ્રત્યે હિંમતરામ ગણપતરામ, મોતીલાલ કાળીદાસ તથા ચુનીલાલ નરોતમ રહેવાશી સંસ્થાન વહેરાના તેઓએ મને મદદ કરી છે. માટે તેઓનો ઉપકાર માનું છું.

લી૦ કર્તા.

ઇશ્વર સ્તુતિ

રાગ કલ્યાણ.

જય અરૂણેશ્વરા, પ્રભુ વિનંતિ છે જરા;
ઓરા,ની મઢીમાં આપ. સોભીતા ખરા.

તૂંજ કૃપાએ સર્વે લોકો, આવે છે દર્શન;
તે તરફ નજર કરી તું, સૌને થા પ્રસંન. જય૦

પાસે છે દિગંબર બળીઆ, હનુમંત કહેવાય;
એક નિષ્ટાએ સેવા કરતાં, થાય તેને તે સહાય. જય૦

દેહ તણું જો સાર્થક શોધો, દર્શન કરો નર નાર;
તેમાં ફળ ઇચ્છિત પામશો, કહું હું નિરધાર. જય૦

જૂઓ પેસતાં ડાએ હાથે, શિવ સૂંત ગણેશ;
સૌ જન પૂજા પહેલી કરે છે, ગઉરીનંદ ગણેશ. જય૦

ગણેશ પાસે વેરઇ માતા, ધારો મન નિરધાર;
દાસજનોને દર્શન દેઇને. કરે સુખ અપાર. જય૦

હે માતંગી દર્શન દેઇને, કરજો મુજ પર મેહેર;
તુજ કૃપાએ ઓરા માં હું, પામું લીલાલેહેર. જય૦

એજ રીતે કૃપા કરીને, નિભાવશો મુને આપ;
સુમાર્ગે ચઢાવી મુજને, દૂર કરો પરિતાપ. જય૦

ગણપત નામે પાઠકે ત્યાં, બાંધ્યો છે એક ઘંટ;
હાલ છું હું ઓરા ગામે, સ્કૂલમાં આસિસ્ટંટ. જય૦

ત્યાંથી થોડે છેટે આવ્યું, મંદિર એક વિશાળ;
જેમાં શામળાજી બિરાજે, છે એ દિન દયાળ. જય૦

કાને કુંડળ માથે મુગટ, શોભા છે અતિસાર;
આંગળીઓએ વિંટી શોભે, ગળે મુકતા હાર. જય૦

જરકશીનો જામો પહેરી, ઉભા છે મહારાજ;
દર્શન કરવા સૌ જન આવે ધારી મનમાં કાજ. જય૦
અમૂલ્ય જેણે કુબજે પહેર્યાં, શોભાનો નહિ પાર;
પગે ટોડા હાથે પોંચી, નમું હું વારંવાર. જય૦
કંદોરો કેડે શોભી રહ્યો છે, ઘણો છે મહિમાય;
દાસ તમારો ચરણે આવી, લળી લળી લાગે પાય. જય૦
વર્ણન જો હું કરવા બેસું, કદી ન આવે પાર;
સેવકદાસ પૂજારી કહાવે, વૈદકમાં હુંશિયાર. જય૦
વૈદક તણા એ જાણીતા ને, દુઃખ કરે છે દૂર;
દવા જેને તે આપે તેને, સુખ થાય જરૂર. જય૦
સુખી થવા જો ઇચ્છા રાખો, જાઓ તેની પાસ;
ભયંકર જે રોગ હોય તે, કરે છે એ નાશ. જય૦
મુજ મુખે શું ઝાઝું ભાખું, દવા છે રામબાણ;
એકવાર તપાસી જોએ, નકી થાય નિરવાણ. જય૦
હે અરૂણેશ્વર નમું છું હું, કરજો મુજને સહાય;
નારણકેશવ શરણે આવી, લાગે તમને પાય. જય૦

રાગ બનઝારા.

ભાઇ ભજો રામનું નામ, તો સરશે તમારૂં કામ;
નિત્ય વહેલા ઉઠીને ભજશો, તો ભવસાગરમાં તરશોરે.
માટે ભજો મુખે રામ રામ, તો સરશે તમારૂં કામ;
કેટલાક સમજે દુરીજન, શું થાયે કરે ભજનરે.
પણ છે એ તરવાનું ઠામ, માટે ભજો મુખે રામ રામ;
સૃષ્ટિના સચરાચર સ્વામિ, અવિનાશી અંતરજામીરે.
છે ગરૂડગામી ઘનશ્યામ, માટે ભજો મુખે રામ રામ;
નામે રાજીવ લોચન રામ, છે પરમાત્મા પુરણ કામરે.
રટો નારાયણ નિત્ય નામ, તો સરશે તમારૂ કામ;
પ્રભુ છું હું તમારો દાસ, નારણ કહે છે રાખો પાસરે.
કરૂં દ્વિ કર જોડી પ્રણામ, નિત્ય ભજુ મુખે રામ રામ.

રાગ કલ્યાણ.

જય કુભેશ્વરા, પ્રભુ વિનતી છે જરા;
નર્મદા નદીના તીરે, શોભીતા ખરા.
વર્ણન તારૂં શું ઉચરૂં હું, લાગું તમને પાય;
નાની મોટી પનોતી ત્યાં, ઘણો છે મહિમાય. જય૦
હે વિશ્વંભર નમું છું હું, કરજો મુજપર મહેર;
રેવાજીમાં સ્નાન કરી સૌ, પામે લીલા લહેર. જય૦
નાશિક ત્રંબક શોભી રહ્યાં છે. સૌનાં હરે છે દુ:ખ;
રૂડી ધર્મશાળાઓ છે ત્યાં, રહેવાને છે સુખ. જય૦
શ્રાવણ માસના દર શનિવારે, આવે છે જે જંન;
તેઓનાં તુ દુઃખ હરીને, કરે મન પ્રસંન. જય૦
સાથે મંદિર આવ્યાં ઘણાં, ધારો મન નિરધાર;
પાસે મૂર્તિ રેવાજીની, શોભાનો નહિ પાર. જય૦
માજીને નાકે વાળી શોભે, ઝાંઝરનો ઝમકાર;
એક નિષ્ટાએ સેવા કરતાં, દેછે સુખ અપાર. જય૦
માજી કેરા મંડપ પાસે, આવ્યો ચોક વિશાળ;
દાસજનોને દર્શન દે છે, છે એ દિન દયાળ. જય૦
માજીના દેરાની પાછળ, બાગ કહું નિરધાર;
ઓવારાનાં પગથીઆં, છે નવ ગુણ્યા બાર; જય૦
અલ્પ બુદ્ધિ છે મુજ તણી ને, છું તમારો દાસ;
નારણ આવી શીષ નમાવે, કહેછે પુરો આશ. જય૦

રાગ માહાઢ.

જય વિજય માતા, સુખના શાતા, કરો મુજને સહાય;
તુ દુઃખ હરતા, દયાળુ માતા, સુખની શાતા, કરો મુજનેસહાય.
વિજય ગઢમાં વરી વળીને, ડુંગર ઉપર વાસ;
તારે દ્વારે આવે તેની, પુરી કરજે આશ. રે હો વિ૦
વાહન તારૂં વાઘ તણું ને, હાથે ત્રિશુળ ધાર;
તારે શરણે આવે તેને, દેજે સુખ અપાર. રે હો વિ૦

બીજારે હાથે ખાંડુ બિરાજે, શોભાનો નહિ પાર;
દાસ જનો તારે શરણે આવી, નમે છે વારંવાર. રે હો વિ૰
પાસે પિર આવ્યા તેનુ નામ છે ગેમન શાહ;
સૌ જન દર્શન આવે ત્યારે, કહે છે ત્યાં વાહ વાહ. રે હો વિ૰
ડુંગર ઉપર તમે તો જુઓ, વૃક્ષ તણો નહિં પાર;
ચારોળી, સાગ ને અંબ વિગેરે, ગણતાં ન આવે પાર. રે હો વિ૰
તારી પાસે ચીંચ વળી ને, ઓંઝીનું એક ઝાડ;
વાઘ કાકા આવી ત્યાં તો, ઘણી પાડે છે ત્રાડ. રે હો વિ૰
કદમનું ઝાડ નજરે જોયું, માનો પૂર્ણ પ્રકાશ;
નારણ આવી શીષ નમાવે, પુરી કરજે આશ. રે હો વિ૰
વિજય માતા, સુખની શાતા, કરો મુજને સહાય;
તું દુઃખ હરતા, દયાળુ માતા, સુખની શાતા, કરો મુજને સહાય.

રાગ કલ્યાણ.

જય રૂક્ષ્માપતિ, પ્રભુ વંદુ છું અતિ;
દયા લાવી દ્રષ્ટી કરો, આપો સન્મતિ.

નમું છું હું પ્રભુ તુને, કરજે મુજને સહાય;
તારે શરણે આવે તેને, દેજે સુખસદાય. જય૰
તીલકવાડામાં આપ બિરાજો, રાખી મન ઉલ્લાસ;
બજાર વચ્ચે મંદિર આવ્યું, દીસે પૂર્ણ પ્રકાશ. જય૰
તીલકવાડામાં આપ તણો, ઘણો છે મહિમાય;
વૈશાખ સુદી અગીઆરશથી, થાય ભજન સદાય. જય૰
શૃંગાર તણું વર્ણન કરું હું, તે નહિ વર્ણ્યું જાય;
કાને કુંડળ માથે મૂગટ, હાથે કડાં અતિ સાય. જય૰
રેશમ કાડી ધોતી વળી ને, વેઢ તણો નહિ પાર;
આંગળીઓએ શોભા આપે, ગળે મુકતા હાર. જય૰
કંદોરો કેડે શોભી રહયો છે, દીસે ઝાક ઝમાળ;
નર નારીને દર્શન દો છો, આપ દિન દયાળ. જય૰
જરીયાન તણો કબજો પહેરીને, ઉભા છે મહારાજ;
મંડળી આવી કિર્તન ગાએ, દેહના સાર્થક કાજ. જય૰
સાથે માજી ઉભાં દિસે, શોભાનો નાહિં પાર;
એક દ્રષ્ટીએ દેખે સૌને, લાવી મનમાં પ્યાર. જય૰

માજીને નાકે વાળી શોભે, ઝાંઝરનો ઝમકાર;
જરીયાન સાડી દેખીને સૌ, ખુશી થાય અપાર. જય૦
પુતળીઆંની માળા શોભે, ગળામાં તે જાણ;
મુદ કેવડા વેણી માંહે, નકી જાણુ નિરવાણ. જય૦
વિશેષ વર્ણન કરવા ગેસું, કદી ન આવે પાર;
હું છું દિન તમારો વિઠ્ઠલ, રાખો મુજપર પ્યાર. જય૦

દોહરો.

ભજન કેરા કાજમાં, જુઓ ખંડેરાવ;
અલ્પ બુદ્ધિથી ઓચરી, કે'છે નારણરાવ.

રાગ બનઝારો.

અરજ સુણી બાલાજી દાતા, કરો તમે મને સુખ શાતા;
દિનની અરજ ઉરે ધારો, કુકર્મ કરતાં વારોરે.
આપ છો ત્રિભુવન ત્રાતા, કરો તમે મને સુખ શાતા;
મેં ઘણાં કર્યાં છે કુકર્મ, પણ સમજ્યો નહિ કંઇ મર્મરે.
મુકત કરો પાપથી મારા, કરો તમે મને સુખ શાતા;
સાથે મૂર્તિઓ બીજી દીસે, ગણપતિ દીસે પાસેરે.
છો સર્વ સુખ આધારા, કરો તમે મને સુખ શાતા;
લાલજી મહારાજ વિરાજે, જુએ સેવકને ઉલ્લાસેરે;
છો દિન તણા તો દાતા, કરો તમે મને સુખ શાતા;
કપીલ દેવ તણી છે શોભા, છેટે લક્ષ્મીજી ઉભાંરે.
વિષ્ણુ જીવ તણા આધારા, કરો તમે મને સુખ શાતા;
સુંદર ચમારવાડા ગામ, ગોપાલ દાસ તણો મુકામરે.
છે તે પૂજા તણા કરનારા, કરો તમે મને સુખ શાતા.
ત્યાં તલાટી માધવરાવ, કર્ત્તા છે નારણરાવરે;
વંદન કરીએ છીએ દિન દાતા, કરો તમે મને સુખ શાતા,

રાગ કલ્યાણ.

શ્રી આરાસુરી, (મુને) આશ છે તારી;
શુભ મતિ આપો મુને, અરજ સ્વિકારી.

આરાસુરની અંબે માતા, જગત વિષે વિખ્યાત;
ગુણ ગાઉં છું માજી તારા, ભક્તિ આપો દિન રાત શ્રી૦
હું કિંકર પ્રાણી છું તારો, દિન દાતા તું આપ;
પાપીષ્ટ હું કુકર્મી છું, તે દુરમતિ કાપ. શ્રી૦
વલ્લભને ભવ પાર ઉતાર્યો, વિમળશાને ન્યાલ;
સમુદ્રમાં વહાણ તારીને, માજન કીધો વાલ. શ્રી૦
કાળી દાસને પંડિત કીધો, ભોજ શું દાતા કીધ;
વિક્રમને અજીત બનાવ્યો, પર દુઃખ ભંજન દીધ. શ્રી૦
ચંડ મુંડને ચોળી નાખ્યા, મહિસાસુર સંહાર;
દેવ ઋષિનાં દુઃખજ કાપ્યાં, રાક્ષસ કીધા હાર. શ્રી૦
મારકુંડને અવિચળ સ્થાપ્યો, કિર્તિ કહી તેણે આપ;
એ કિર્તિ મા શ્રવણ કરીને; ખોઇએ સઘળા પાપ. શ્રી૦
બ્રહ્મા વિષ્ણુ મહેશ્વરને, સરજનહાર તું આપ;
તું બ્રહ્માણી તું રૂદ્રાણી, વૈષ્ણવી કષ્ટો કાપ. શ્રી૦
જળ સ્થળને આકાશે ભાળું, સર્વ તેજસ્વી એક;
સૂર્ય ચંદ્ર આકાશે ભાળું, માજી રાખો ટેક. શ્રી૦
અનેક રૂપે થઇ છું માતા, તુજ વિણ ખાલી ઠામ;
જુદાં જુદાં રૂપ ધરીને, જુદાં જુદાં નામ. શ્રી૦
સર્વ રૂપમાં વ્યાપક માજી, રક્ષણ કરતાં આપ;
તુ ઇશ્વર ને તુ મહેશ્વર, તુ છે માને બાપ. શ્રી૦
આ ભવથી મા પાર ઉતારો, નોંધારા આધાર;
પાપીનો પ્રલય કરીને; ભક્તોને ઉગાર. શ્રી૦
વર્ષે એક નિમિત્તે આવુ, આવુ ભાદ્ર માસ;
તેડાછો સુખરાશિ તમો; દરશનથી વિશ્વાસ. શ્રી૦
કર્પટપૂર નિવાશિ હુંતો, ગુલામ તારો છઉં;
રાધે ક્રષ્ણ નમન કરીને, પાવડી મુસ્તક લઉ. શ્રી૦

દોહરો.

અનુભવી નહિ લેશ હું, નહીં પીંગળ અભ્યાસ;
વધ ઘટ અક્ષર જોઇને; કોઇ નવ કરશો હાસ્ય.

મણિકેસૂરનું રમૂજ
ફારસ.

રાગ કલ્યાણ.

ઇશ્વર સ્તુતિ.

શ્રી રાધિકાપતિ, અમે વંદીએ અતિ;
આપને અર્જ કરૂંછું, આપો સન્મતિ.
મણિકેસુરનું ફારસ રચવા ધાર્યું મેં નિરધાર,
તેમાં સહાય તમારી માગું નમું હું વારંવાર. શ્રી.
સંવત ઓગણી ત્રેપનની સાલે, કરૂં હું પ્રારંભ,
શ્રાવણ સુદી દશમે તો, થાય તેનો આરંભ. શ્રી
વેષ વિચિત્ર રચવા માંડયો, ઉર ઉર ધરી ઉમંગ,
અલ્પ બુદ્ધિ છે મૂજ તણીને, ચૂક ધરશો નહીં મંન,
કેસૂર નામે વણીક આવીને, ઉતર્યાં પૂરીમાંય. શ્રી.
જોવા જેવો ખેલ બન્યો, તેનું પુસ્તક રચીયું આંય. શ્રી.

ગીતિ.

બ્રહ્મની તનયા માતું, અરજ કરૂંછું કરો શુદ્ધ વાણી;
ગ્રંથ રચાવવા પ્રિતે, નારાયણ વદેછે માત કરો જ્ઞાની.

પ્રવેશ ૧ લો.

કેસૂરનો ખાનગી વાસ.

કેસૂર, અલી, મોહન, મગન, તથા પાછલથી વિદુષક.

કેસુર બજારમાં કંઈ વાત સાંભળેલી તેથી ઘેર આવી મેડા ઉપર બેઠા બેઠો વિચાર કરેછે. (એટલામાં **અલી** આવેછે.)

અલી—સાંભળ્યું કે, બળી તમારી ટેવ, કોણ જાણે ગામમાં જઇ આવ્યા કે પછી સુન મુન થઈ જાવછો. મારી જોડે બોલતા પણ નથી.

કેસુર—આવી રાંડ કચકચીયણ જરાએ વિસામો ખાવા દેતી નથી.

અલી—મારે શું, બેઠા બેઠા ખાવ વિસામો, આજ હું ખાવા નહીં કરૂં. મેં મારૂં ક્યારનું પેટ ભર્યું છે.

કેસુર—અરે ભગવાન! મેં પેલા ભવમાં કેવાં પાપ કર્યાં હશે, કે, આ ભવે મને આવી મળી!!

અલી—તમે મને કેવી જાણી? શું હું નઠારી, હું લુચ્ચી, હું ઢોંગી, બસ, બસ, હું મારી મરજી પ્રમાણે ચાલીશ.

કેસુર—જા રાંડ જા અહીંથી; તારૂં કોણ નામ દેછે.

અલી—મને તો લાગેછે કે, તમે ગામમાં જઇ આવો છો એટલે તમને ભૂત વળગે છે.

કેસુર—જા રાંડ જતી હોય તો, નહીં તો હમણાં (એમ કરી મારવા દોડેછે, એટલે અલી નાશી જાયછે. ને મોહન આવેછે.)

મોહન—બાપુ? તમે મારી માને કેમ મારી?

કેસુર—આપડી માતો અમથી ચાળા કરે છે.

મગન—બાપુ, બાપુ, જુઓ તો ખરા આપડી મા તો રૂએછે, કોણ જાણે મરી તો નહીં જાય?

કેસુર (મનમાં)—હવે આ બેને સમજાવીને કાઢું તો ઠીક પડે (ઉઘાડ) બેટા એને પેટમાં ચુંક ચાલી હશે. તેથી એ રોતી હશે. માટે તમે જાઓ ને કંઈ સુંઠ બુંઠ લાવી આપો.

મોહન }
મગન } —બાપુ, તમે આવીને આપડી માને પુછો કે તને શું થયું છે.

કેસુર—તમે જાઓ, હું આવું છું.

(મોહન મગન જાયછે. ને કેસુર કંઈ વિચાર કરે છે. એટલામાં વિદુષક આવેછે.)

વિદુષક–કેમ મિત્ર ! આપડી ભાભીને તો કંઇ પેટમાં ચુંક ચાલી છે, એવું સાંભળ્યું છે, માટે હવે તો ખાટલો પાથરી આપો એટલે જરા આળોટે.

કેસુર–જો તું પણ પાછો મશ્કરી કરવા આવ્યો, "બિલાડીને મન હસવું, ને ઉંદરનો તો જીવ જાય."

વિદુષક–મિત્ર ! હું શું ખોટું કહું છું ? કોઈવખતે આરામ લીધાથી પણ ચુંક મટી જાય છે.

કેસુર–હા, તે વાત સાચી, પરંતુ તેનું મારા મનને કાંઇ નથી. વારૂં, હવે એને પીએર મોકલાવી દઇએ તો સારૂં કે નહીં ?

વિદુષક–હા, મિત્ર સાચી વાત. અમસ્થા સુવાવડમાં શીરો ખાવા જોઇએ તેનો નકામો ખરચ કરવો !

કેસુર–મિત્ર, હજુ તું એવોને એવોજ રહયો. વિચાર કરકે આપણે કંઇ ખર્ચથી ડરીએ એવા છીએ ? પણ રાંડ કુભારજા તેથી મોકલવી પડે.

વિદુષક–ભલે, તેને તો મોકલાવી દો, પણ આપણા મોહન તથા મગનને અહીં રાખવા છે કે મોકલાવી દેવા છે ?

કેસુર–એ જશે ત્યારે તે પણ જશેજ તો !

વિદુષક–ઠીક ત્યારે, હવે બધો ખર્ચ માથેથી ઉતરી ગયો. કશી વાતે બળતરા રહી નહીં, હવે તો "બંદા ખાવે ને તાપે" એવું રહ્યું.

કેસુર–અરે ! પાછું એવુંને એવુંજ બોલ્યો કે ! શું ? ખર્ચ સારૂ આપડે બીએ છીએ ?

વિદુષક–ના, ના, શેઠછો, તમે બીઓ ! રાત્રે ઘરની બહાર પગ મૂકો એટલે જણાય કે, બીઓછો કે નહીં.

કેસુર–અરે મૂર્ખ ? એતું બીવાનું હું કયાં કહું છું. હું તો ખર્ચ કરવા પાછો ન પડુ એમ કહું છું.

વિદુષક-હા, હા,હવે સમજ્યો, પણ મિત્ર હવે હું ઘેર જા-
ઉછું, કારણુ મને બહુ વાર થઇ ગઈ.

કેસુર-ભલે ભાઇ જા, પણ હવે હું, એકલો છું માટે બખે
ઘડી આવજે હો ?

વિદુષક-અત્યારથીજ એકલા પડયા કે શું ?

કેસુર-એમજ સમજવાનું છે. કેમકે હમણાં એમની તૈયા-
રી કરાવું છું.

વિદુષક-હાની તૈયારી, ભાગોળ બારણે જવાની કે શું ?

કેસુર-ના, ના, મૂર્ખા, એમને પીએર મોકલવાની.

વિદુષક-વારૂ, ભાઇ મારૂં કઇ કામ કાજ હોય તો બેલાશક
કહેજે, કરવા તૈયાર છું.

કેસુર-તું મૂકવા જઇશ ?

વિદુષક-હા, હું ખુશીથી જઇશ, જો, મારી બહાદુરીની
વાત સાંભળ.

રાગ.

મિત્ર મારા કહુ તુને તે, સાભળ મારી વાત;
તેજ પ્રમાણે ચાલું છું હું, તે કહું સાક્ષાત;
તલવાર બદલે લઉં તાવેતો, બરછી બદલે કડછી લઇશ.
એવી રીતે રોફ મારીને, ભાભીને હું મૂકવા જઇશ.
એક હાકોટો જો મારૂંતો, હજાર હાથી મૂતરી જાય;
પણ બિલાડી નજરે પડેતો, બંદા ત્યાંથી નાશી જાય.

કેસુર-ભાઈ, પોકયું તારૂં મૂકવા જવાનું, હવે જવું હોય તો જા.
પણ જોજે આવ્યા વગર રહીશ નહીં, ને સોમાને અહીં
મોકલજે.

વિદુષક-તે તો હું ભૂલું શાનો, મને બીડી પીવાની તલપ
થાય કે, દોડયો દોડયો આવું.

કેસુર–સારૂં ભાઇ આવજે હો !

વિદુષક–સારૂં મિત્ર, રજા લઉં છું. (વિદુષક જાયછે મોહન આવે છે.)

મોહન–બાપુ, મારી માની ચુંક મટી, પણ તમે તો આવ્યાએ નહીં.

કેસુર–બેટા, હું આવવાનો હતો, પણ તારા કાકા, આવ્યા હતા, તેથી જરા વાતોમાં ગુંથાયો હતો.

મોહન–બાપુ, મારી મા તો કહે છે કે, મને પીએર મૂકી આવો.

કેસુર–બેટા હું તેજ વિચાર કરતો હતો. કેમ તારે જવું છે કે નહીં?

મોહન–મોકલો તો જઉં, કારણ કે, તમે અહીં એકલા માટે વહેલું મોડું ખાવા કરો, ને મનેતો, ભૂખ લાગે તે !

કેસુર–જા ત્યારે, તારે પણ જવું હોય તો. (મનમાં–ભાવતું તું ને વૈદે કહ્યું) (ઉઘડ) પણ બેટા, તને તહીં ભૂખ લાગશે તો તું શું કરીશ.

મોહન–બાપુ, તહીં તો ગોળ, ઘી, ખાવાની ઠીક મજા પડે છે.

કેસુર–જાઓ ત્યારે, તૈયાર થાઓ આજને આજ તમને વદાય ગીરી આપીએ.

મોહન–વારૂં, કહી હરખાતો હરખાતો, મા પાસે દોડી જાય છે.

અલી–બેટા, તારા બાપે શુ કહ્યું ?

મોહન–એ તો કહે છે કે, આજને આજ તમને મોકલવાના છે.

અલી–બહુ સારૂં, તને ગમ્યું કે નહીં ? ને તુ અહીં રહેવાનો કે મારી સાથે આવીશ ?

મોહન–હું તો અહીં રહેવાનો નથી, તારી સાથે આવીશ. (એટલામાં કેસુર આવે છે.)

કેસુર–હવે તમે ખાઇપીને વહેલા પરવારો, કેમકે તમારે આજ પીએર જવાનુ છે. નહીં તો પછી ગાંસડી પોટલી બાંધતાં વાર થશે.

અલી–તમારે તે બાબતની શી પંચાત છે; અમે અમારૂ કામ કરીશું.

કેસુર (મનમાં)–બળી હાળી રાંડની ટેવ, "કુટશે માથું ને કાઢશે રાતુ" (ઉઘડ) વારૂ, ત્યારે તમે તમારે તૈયાર થઇ રહો

અલી–પણ મારી જોડે કાને મોકલો છો ?

કેસુર–આપડો મિત્ર વિદુષક છે, તે આવશે.

અલી–ના, ભઇ, એનું મારી જોડે કામ નથી. કારણ કે, એતો એક દહાડો અહીં મારી મશ્કરી કરતો હતો, ને રસ્તામાં મને વિતાડે ત્યારે હું શું કરૂં ?

કેસુર–ત્યારે તું કહે તેને મોકલું.

અલી–આપડા પેલા સોમાને મોકલો.

કેસુર–ભલે ! એને લેઇજા, મારી કંઈ ના નથી; પણ એને પાછો વહેલો વિદાય કરજે.

અલી–હમારે હવે કંઈ વાર નથી. માટે એને હવે બોલાવા મોકલો. (એટલામાં સોમો આવે છે.)

સોમો–શેઠ, મને કેમ બોલાવા મોકલ્યો હતો ?

કેસુર–ભાઇ, આપડાં ઘર વાળાં પીએર જાય છે, માટે એમની જોડે તારે જવું પડશે.

સોમો–વારૂં શેઠ, હું જઇશ. કેટલી વાર છે ?

કેસુર–કંઇ વાર નથી, તેં ખાધું છે કે નહીં?

સોમો–શેઠ, હું ખાવા બેઠો હતો, ને તમારા ભાઇબંધે આવીને મને કહ્યું, એટલે ખાઇને તરતજ આ તરફ આવ્યો છું.

કેસુર–જાઓ, આ સોમો તૈયાર થઇને આવ્યો છે.

અલી–અલ્યા સોમા. લે, આ ગાંસડી લઇલે. (સોમો ગાંસંડી લેછે. ને અલી, મોહન, તથા મગન પૂરી તરફ રવાના થાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ પુરી

અંબાલાલ, મોતીલાલ, ચંચળ, મણી, વીગેરે, પાછળથી, અલી, મોહન, વીગેરે

અંબાલાલ-મોતીલાલ આપણી બેનનો કંઇ કાગળે આવતો નથી, ને કંઇ સમાચાર પણ જણાયા નહિ, તેનું શું કારણ હશે?

મોતીલાલ-કાકા, તમે જાણો છો તો ખરા કે, આપણા બનેવી મખ્ખીચુસ છે.

અંબાલાલ-તે ખરૂં, પણ બેટાતું હવે તેડવા જાય તો સારૂં.

મોતીલાલ-આપણે તો એને ઘેર જવાના નહિ.

અંબાલાલ-ત્યારે તો તારે તારી બેનનો ખપ નથી ને?

મોતીલાલ-હું તો કહું છું કે, એ પાપ અહીં નથી તે સારૂં છે.

મણી-બેનને એવું કહેવાય કે?

અંબાલાલ-ભાઈ, એ તને શી ભારે પડી કે, પૂન ને પાપ કરવા બેઠો છે. જરા વિચારીને તો બોલ.

ચંચળ-નફટ જેવો બકબક શું કરે છે, બોલતાં શરમ નથી આવતી?

અંબાલાલ-જા તું તારે હવે કંઈ કામ કર, અમે અમારે માથું ફોડીશું.

ચંચળ-માથું ફોડશો એમાં મારૂં શું જવાનું છે. (એમ કહી ઘરમાં જાય છે.)

અંબાલાલ-કેમ, મોતીલાલ તારી લગલીને (એટલે વહુને) ખવડાવે છે, તે તો કંઈ ખર્ચ થતું નહિ હોય, ને બેનને

બોલાવવાનું કહ્યું, ત્યારે કહે છે કે નકામો ખર્ચ શું કરવા કરવો પડે.

મોતીલાલ-કાકા, એમ ચીડાઇ શું જાઓ છો, હું તો મશ્કરી કરૂં છું, તેમાં ખરૂં શું માની લોછો.

મંચળ-ઘરડાની મશ્કરી કરે છે, તે તને શરમ નથી આવતી?

અંબાલાલ-તું જાણે છે તો ખરી કે-"ટાઢ જાય રૂએ, ને આદત જાય મુએ."

(એટલી વાતોચીતો થઈ રહી છે, એટલામાં અલી, મોહન, મગન વિગેરે આવે છે.)

અલી (હશીને)-કાકા, હું આવી.

અંબાલાલ-બેટા, ખુશી તો ખરી?

અલી-હા કાકા, ખુશીમાં છું, ને પેલા પણ ખુશીમાં છે.

અંબાલાલ-(મગન તરફ જોઇને) આવો મગનલાલ શેઠ, (એવું કહી પોતાની પલાંઠી ઉપર બેસાડે છે.)

મોહન-દાદા, મારા બાપુએ તમારી ખબર પૂછી છે. ને કહ્યું છે કે, તમે તહીં જાઓ ત્યારે કાગળ લખાવજો.

અંબાલાલ-હારૂ બેટા, લખીશું, પણ તું હવે ભણે છે શું? તે કહે.

મોહન-દાદા, હું હમણાંજ પાંચમીમાં પાસ થઈ છઠ્ઠીમાં પેઠો છું.

અંબાલાલ-બેટા, હવે તું રોજ અહીં નિશાળે જવાનું કહે તો હોય, તો તારૂં નામ દાખલ કરાવીએ.

મોહન-દાદા, હું રોજ જઇશ.

અંબાલાલ-આપણા મગનલાલને નિશાળે મૂક્યા છે કે?

મોહન-ના, મૂકવાનો વિચાર હતો, પણ અહીં આવવાનું જાણી ન મૂક્યો.

અંબાલાલ-હશે ! ચાલો, અહીં મૂકીશું, કેમ ? મગનલાલ શેઠ નિશાળે જશો કે ?

મગન-હાવે હું રોજ જઇશ.

અંબાલાલ-અહીં નવા માસ્તર આવ્યા છે, તે છોકરાંને મારતા પણ નથી, ને ભણાવવામાં પણ બહુ હોંશીયાર છે.

મોહન-દાદા, હું રોજ જઇશ.

ચંચળ-જુઓ, આપણે એનને સંભારતાં હતાં, ને આવી. આવરદા તો બહુ છે હો !!

મોતીલાલ-જુઓ, તમે મને તેડવા જવાનું કહેતા હતા, ગયો હોત તો નકામો ફેરો પડત ને ?

અંબાલાલ-હું કંઇ જાણી બેઠો હતો કે, તે આજ આવશે.

મણી-કાકી, આ આપણી બેન કે ?

ચંચળ-હા એજ, હું કહેતી હતી તેજ.

મણી-કેમ બેન, ખુશી તો ખરાં ?

અલી-હા બેન, તમે કોણ છો ?

ચંચળ-બેટા. એ તો આપણા પાડોશીની દીકરી છે.

અલી-હારૂ, હારૂ, ચાલો, અમારે બેને હવે રમવાની ઠીક મઝા પડશે.

ચંચળ-બેટા, તું આવડી મોટી થઇ તોએ એવીને એવીજ રહી, હવે તું રમે તે સારુ દેખાય ?

અલી-હું મોટી થઇ, માટે રમીએ ના કેમ!

ચંચળ-બોલ, તું એની જોડે શું રમવાની.

અલી-કુકા રમીશ.

ચંચળ-વાહરે વાહ ! ખરી કુકા રમનારી.

અલી-કેમ ! વાહરે વાહ !

ચંચળ-આવાજ લક્ષણે સાંભાર ખાતી હોઇશ તો !

અલી–ગાં ગાં ગાં ગાં હું એક વાર તો નહિ પણ સાત વાર રમવાની.

ચંચળ–હાર બેન હાર, રમજે.

અલી–મણી બેન, મને રમાડશો કે નહિ?

મણી–વારુ બેન રમાડીશું, હો!

ચંચળ–બેટા, તારા સાસરેથી તું શું શું લાવી?

અલી–બા, હું તો કશુંએ લાવી નથી.

ચંચળ–કેમ, કંઇ નથી લાવી?

અલી–આજ મારે ને એમને લઢવાડ થઇ હતી, તેથી હું તો રીસાઈ બેઠી હતી.

ચંચળ–લઢવાડ શા કારણથી થઈ હતી?

અલી–બા જોને, એ ગામમાં ગયા હતા ને ત્યાંથી આવ્યા, એટલે મેં પૂછ્યું કે, કેમ છે? ગામમાં જઇને શું કરી આવ્યા! ત્યારે મારા ઉપર કૂતરાની પેઠે ઘુરકીઆં કરવા લાગ્યા.

ચંચળ–રાંડ, એમને કૂતરા કહેવાય? બોલતાં વિચાર કરતી નથી?

અલી–હું એમને કૂતરા ક્યાં કહું છું, હું તો એમ કહું છું કે, એ તો કૂતરાની પેઠે બોલે છે.

ચંચળ–(મનમાં) બે છોકરાની મા થઈ તોએ એવી ને એવીજ રહી. (ઉઘાડ) પણ બેટા, એ અહીં ક્યારે આવનાર છે?

અલી–તે તો કોણ જાણે.

ચંચળ–તેં પુછ્યું નહોતું કે શું?

અલી–મારે કઇના બાને પૂછવાની ગરજ છે. આવસે તો આવશે, નહિ તો પડશે ધરામાં.

ચંચળ–બેટા, એમ ન બોલાય, હું તને કેટલી વાર શીખામણ દઉં?

અલી–બળી તારી શીખામણ, મને તો ભુખ લાગી છે.

મણી–(મનમાં) બેન તો કંઇ હુંશિઆર જણાય છે. (ઉઘાડ) કાકી, બેનને ભુખ લાગી હશે. માટે કંઇ નાસ્તા સારૂ આપો.

ચંચળ–જોયાં અમારાં બેનને કેવાં છે તે?

અલી–એમાં શું જોવડાવે છે મને કેવી જાણી? ઊં, ઊં, ઊં. ઊં, મારે તો બધી તરફથી સંતાપ, તહીં કોઇ જંપા ન દે, ને અહીં પણ જંપા ન દે.

મણી–બેન. રડો છો શું કરવા, એતો અગથી મશ્કરીમાં એવું બોલે છે.

અલી–વળી આ દોઢ ડાહ્યાં શીખામણ દેવા આવ્યાં છે, જા તારે ઘેર અહીંથી.

મણી–બેન, એમાં મેં શું ખોટું કહ્યું, તે મારા ઉપર દુઃખ લગાડો છો.

ચંચળ–જવા દે, એ કચકચીઆણનું નામ ન લઇશ.

અલી–હારૂ, છો રહ્યાં અમે કચકચીઅણ. તારે ખાવા આપવું છે કે નહિ? ના હોય તો ના કહે, એટલે હું મારૂં સુજતું કરૂં.

મણી–કાકી, બેનને ખાવા આપો, હું તો હવે મારે ઘેર જઉં છું, થોડું ઘણું કામ છે તે કરીને આવીશ.

ચંચળ–બેન, આવજો હો.

મણી–સારુ કાકી. (અંબાલાલ આવેછે.)

અંબાલાલ–કેમ તમે બધાં એની કેડે પડયાં છો?

ચંચળ–કંઇ નહીં, કશું કહેવા જઇએ છીએ કે, તરત ફેલ કરવા બેહે છે.

અંબા–હારુ, હારૂ, એ બિચારી દસ ગાઉથી ચાલી આવી

તેને ખાવા પીવાનું આપવાનું મૂકી અમથાં રડા-
વવા બેઠાં.

ચંચળ–અમારે રડાવ્યા વગર ચાલતું નહિ હોય તો? વાત
ચીત પૂછી એટલામાં શું ખાટું મોળું થઇ ગયું?

અંબા૦–બહુ હાર, ડહાપણ મૂકીને ઉઠ એને કંઇ ખા-
વા આપ.

મોહન–દાદા, મને તો ભુખ લાગી છે.

અંબા૦–બેટા, હમણાં તારી મા આલે છે.

મોહન–દાદા, મને તો કુલર ભાવે છે, હજુ રસોઇની વાર છે,
માટે મને કુલર કરી આપો,

અંબા૦–લે ત્યારે કુલેર ખા, (એમ કહી કુલેર ચોળી આપે છે,
એટલામાં મગન આવે છે.)

મગન–દાદા, એ સું કરો છો?

અંબા૦–ભાઇ, તને કુલેર ભાવે છે કે?

મગન–ભાવે છે તો ખરી, પણ મને તો ઘી વધારે આ-
પો ત્યારે?

અંબા૦–બેટા, આપણા ઘરમાં ઘી ઘણું એ છે, તું શું કરવા
ગભરાય છે, જોઇએ તેટલું લેની.

મગન–દાદા, તમારા ઘરમાં ગોળ છે?

અંબા૦–બેટા. ઘણોએ છે, તારે જોઇએ તેટલો લેની.

(મોહન, મગન કુલર ખાય છે.)

અલી–કાકા મને આપોની?

અંબાલાલ–બેટા? ટાઢા રોટલા કાલના પડયાછે; તે દુધને
ગોળ લઇખા.

અલી–કંઇછે, મને બતાવોને?

અંબાલાલ–જા તારી મા આપશે. (ચંચળ રોટલા બતાવે
છે; તે અલી લેઇને ખાયછે.)

મોતી૦—કાકા, જુઓ હું કહેતો હતો તે ખોટી વાત ?
અંબા૦—તું શું કહેતો હતો ?
મોતી૦—આ કુલરશા ! ને મહી આટલું બધું ઘી શું. નાંખ્યું છે.
અંબા૦—બેટા, હજુ તુને સંસાર રૂપી જ્ઞાન બીલકુલ નથી.
મોતી૦—ઉંધી ગયું જ્ઞાન. પણ તમેતો દેવાળું કાઢવા બેઠાકે શું !
અંબા૦—કેમ, કંઇ વધારે બોલવા માંડયું છે ? દેવાળું નીકળશે તો તારે કંઈ નહાવું પડે એમ છે. જ્યાં સુધી હું બાર વરસનો બેઠોછું ત્યાં સુધી તારે શી પંચાત
મોતી૦—મારે હું લાય બળવાની હતી; ઘરમાં જેટલું હોય તેટલું ખવડાવી દોની.
અંબા૦—તને હજુ છોકરાં શી રીતે રીઝવવાં તેની ખબર જ નથી.
મોતી૦—ના મનેતો ખબર નથી તમને છે એટલે બહુછે. (મણી આવેછે.)
મણી—કેમ બેન ખાઈ પીને પરવાર્યાં કે ?
અલી—મા આ કોણછે હીજડા જેવી નવરી બેઠી અહીં આવેછે.
ચંચળ—બેટા, એમ ના બોલાય, એતો આપડા પાડોશી ગીરધરલાલની છોડીછે. કેમ તું નથી ઓળખતી ?
અલી—એનો નાની હતી, ને આવડી મોટી ક્યાંથી થઇ ગઇ ?
ચંચળ—બેન, આજ ત્રણ ચાર વરશે તું સાસરેથી આવી, એટલે તું મોટી દેખું જતો, "ઉકરડીને વધતાં કંઇ વાર લાગે છે ?
અલી—મેંતો બરાબર ઓળખી નહીં તેથી એમ બોલી.
ચંચળ—હશે, એ કંઇ દુઃખ લગાડે એવી નથી.
અલી—મણી બેન કંઇ દુઃખ ના લગાડશો હો !
મણી—બેન એમાં કંઇ હરકત નહીં, હવે મોટ પણે નવી પ્રીત, તેથી એમ હોય.

અલી-બેન, રોજ આવજે હો ?

મણી-સારૂ બેન, મારૂં ને તમારૂં ઘર કંઇ વેગળું છે !

ચંચળ-બેન, એનું બોલવું કંઇ મનમાં લાવીશ નહીં.

મણી-કાકી, મારો સ્વભાવ તમે જાણોછો તો ખરાં ! એમાં મને કંઈ ખોટું લાગવાનું નથી.

ચંચળ-હારૂ બેન, એનું બોલવું કંઇ મનમાં લાવીશ નહીં, એટલે થયું.

મણી-તે બાબત તમારે મને કશું કેહેવું નહીં પડે. (રોજ એવી રીતે ગમતની વાતો ચીતો સાથે કલોલ કરેછે.)

પ્રવેશ ૩ જો

અલીને છોકરો થયો, ને તેને રમાડવું (અલી પોતાના છોકરાને ઘોડીઆમાં સૂવાડી નીચે પ્રમાણે ગીત ગાયછે.)

રાગ (નવીન દેસી.)

હાલોરે હાલો ભાઇને હિંચકો ઘણો વહાલો;
હાલ કરૂંરે દુલ કરૂંરે.
ભાઇની ટોપીએ ઝીણું ફૂલ ભરૂંરે હાલો; હાલો.
હાલ વાહાલને એવા;
ભાઇને ભાવે મીઠા મેવા. હાલો; હાલો.
સુઈ જાને ભાઇ ગોરી કરૂં ગમતી;
ભાઇને નિંદ્રા આવે રમતી. હાલો; હાલો;
હાલ ગોરીરે પાલ ગોરી;
ભાઇના હિંચકે બાંધું હિરની દોરી. હાલો; હાલો.
હિરની તો કેહેવાની;
ને સૂતરનીતો બાંધવાની. હાલો; હાલો.

(મણી સંતાઇને સાંભળતી હતી, તે આવીને)

મણી—વાહ ! બેન વાહ ! ગીતતો બહુ સારાં આવડે છે ને !

અલી—જેવાં આવડે છે, તેવાં ગાઇએ છીએ તમને આવડતું હોયતો એકાદ ગાઓની ?

મણી—બેન, મનેતો આવડતાં નથી.

અલી—આવડે તોએ શાનાં બોલો ?

મણી—મને ગાવાનો પ્રસંગ પડયો હોય ત્યારે આવડે કેની !

અલી—બેન, કંઇ હરકત નહીં ધીમે ધીમે તમારે પણ પ્રસંગ આવશે. પણ જો ત્યાર પહેલાં શીખી રાખ્યાં હોયતો સારૂં. કેમકે તે વખતે શીખવા જવું પડે નહીં.

મણી—એતો પક્ષનાં વાજાં પક્ષે વાગે, પણ તમે હવે ચોખ્ખી મશ્કરી કરવા માંડી ખરી ?

અલી—બેન, એમાં મેં શું ખોટું કર્યું.

મણી—ખોટું તો કંઇ નહીં, પણ હજુ મારે તો "મૂળમાં માંટી નહીં ને હાહરે હદેહો" વિવાહનું હજુ ઠેકાણું નથી ને ત્યાર પહેલાં એવો વખત ક્યાંથી લાવો છો

અલી—હાય, હાય, આવડાં મોટાં થયાંને વિવાહ નથી કર્યો.

મણી—નશીબના ખેલછે. એમાં મારાથી કંઇ મારા મા, બાપને કહેવાય એમ છે ! આ બાબતનો વિચારતો, એમણે પોતાની મેળેજ કરવો જોઇએ.

અલી—તને શરમ આવતી હોયતો હું કહું.

મણી—ના બેન, મારા સાંભળવામાં છે કે, માગં માજી તથા પીતાજી તેજ ખટપટમાં પડેલાંછે. પરંતુ કોણ જાણે કેવો મળશે !

અલી—બેન, સૌ સારાં વાનાં થશે.

મણી—બેન, હવે આપણા બાણુના પીતાજી આવશે કે નહીં.

અલી—કોણ જાણે, આવેતો આવે નહીંતો નાએ આવે. એમનું શું ઠેકાણું.

મણી-એમ કેમ, એમનું શું ઠેકાણું ?

અલી-આપડે તો એમની જોડે ઘડી બનતું નથી.

મણી-નહીં બનવાનું કારણ હશે ને ?

અલી-આપડી જોડે દીલ ખુલી વાત કરતા નથી ત્યારે આપડે બોલવાની શી જરૂર.

મણી-બેન, એ તમારી મોટી ભૂલછે, એ ગમે તેમ વ- ર્તતા હોય, પણ આપડે કબજામાં ન રાખીએ ત્યારે શા કામનું !

અલી-બોન એ વાતનું કરેછે. તે તો ખરી પણ, કોઇનો સ્વભાવ કેવો હોય તે કોઇને કંઇ ખબર છે ?

મણી-તે તો તેના ઘરનાજ માણુસને ખબર હોય તો.

અલી-ત્યારે તું મને શું કહે છે ? અહીં આવે ત્યારે જોજે ની ? ભાઇ સાહેબ કેવા છે.

મણી-ક્યારે આવવાના છે ?

અલી-હવે કંઇ લોક રીતી પ્રમાણે આવ્યા વગર છુટકો છે?

મણી-ઠીક ત્યારે, આવવા દો; પછી એમને તમારે માટે કંઇ કહીશ.

અલી-વળી મારે માટે શું કેહેવાની ?

મણી-બોન, લડવાડ નકરે તે બાબત.

અલી-વળી જોજે કંઇ ડહાપણ કરતી.

મણી-કેમ ના કહું ? હુ કંઇ એમને રીસ ચઢે એમ નહીં કહું.

અલી-ના, કશુંએ મારે માટે કહીશ નહીં

મણી-સારૂ બેન ત્યારે નહીં કહું

અલી-બોન જુઓને આજ કાલ કરતાં દોઢ માસ થવા આવ્યો પણ આવ્યા નહીં. (ચંચળ આવે છે.)

ચંચળ-બેટા, શું કરછ ?

અલી—કંઇ નહીં, આ ભાણીઓ સુઈ ગયો છે, ને મણી બેન આવ્યાં છે, તેમની જોડે વાતો કરૂં છું.

ચંચળ—ભાણીઓ ઊંઘી ગયો છે, તો ઉઠ, ખાઇ પીને પરવારીલે

અલી—ઉઠું છું, શી ઉતાવળ છે, ભાણીઓ ઉઠશે તો આ-પણી મણી બેનછે તે સંભાળશે.

મણી—બેન તે બાબતની કંઇ ફીકર નહીં પણ જાવ ભૂખ લાગી હશે. ખાઇલ્યો. ત્યાં સુધી હું બેસું છું.

અલી—વારૂં ત્યારે હું જાઉં છું તું બેસજે-

મણી—સારુ બેન જા પણ વહેલી પરવારજે કેમકે જો પછી મારી બા બોલાવશે તો જવું પડશે.

અલી—સારૂ બહુ વાર નહીં લગાડું (અલી ખાવા ગઇછે, મણી બેન બેઠી હિંદોળે છે.)

પ્રવેશ ૪ થો.

અંબાલાલ, મોતીલાલ, ચંચળ પાછળથી કેસુર.

અંબા૦—મોતીલાલ આપડે કાગળ લખ્યો પણ કેસુર કંઇ આવ્યા નહીં,

મોતી૦—કોણ જાણે કેમ નહીં આવ્યા હોય, કાગળ સરખો પણ જણાયો નહીં

અંબા૦—કામમાંથી નવરા થશે, ત્યારે આવશે,

મોતી૦—હાજતો બારે દુકાન રહી એટલે એમજ હોય.

ચંચળ—પણ આજ કાલ આવશે ખરા,

મોતી૦—આવવા જોઇએ, પછી ઇશ્વરને આલખ.

(એવી વાત ચીત થઈ રહી એટલામાં કેસર આવેછે.)

અંબા૦—આવો શેઠ ! ખુશીતો ખરા ?

કેસુર—હા, ને આપ સર્વે ખુશીમાં છો ની ?

અંબા૦-અમે સર્વે આપના પ્રતાપે ખુશીમાંજ છીએ,

કેસુર-મોતીલાલ્લ શેઠ ક્યાં છે ?

અંબા૦-હમણાંજ ઉઠીને ઘરમાં ગયા, આવેછે.

મોતી૦-ઓ, હો ! શેઠ આવી પુગ્યા !

કેસુર-હા, ખુશીતો ખરા.

મોતી૦-હા, આપ આવ્યા તે જોઇ ઘણો આનંદ થશે.

કેસુર-તમારા ઉપરા ઉપરી કાગળ આવતા હતા એટલે આવ્યા વગર ચાલે ? ન આવીએ તો ખોટું લાગે.

મોતી૦-અમારે માટે ખાસ આવો એવા ખરા તો.

કેસુર-કેમ, તમારે માટે નહીં તો કોને માટે.

મોતી૦-આપ આપની મતલબેજ તો.

કેસુર-પેલી ઘોડીઆ પાસે બેઠીછે એ કોણ છે ?

મોતી૦-કેમ ભુલી ગયા, એ અમારા પાડોશી ગીરધરલાલની દીકરી મણી.

કેશુર-એમકે ! આવડી મોટી થઈ ગઇ !

મોતી૦-હા, જુઓને સ્ત્રી ઓને વધતાંપણ વાર લાગે છે !

કેસુર-મને અહીં આવે પણ પાંચ છ વરસ થઇ ગયાં તો ? એટલે કયાંથી દીઠામાં આવે. એનો વિવાહ કયે ગામ કર્યો છે ?

મોતી-૦હજુ એનો વિવાહ નથી કર્યો.

કેસુર-મોટી શરમની વાત છે, આવડી મોટી થઇ પણ વિવાહ નથી કર્યો !

મોતી૦-એમનામાં તો એવુંજ ચાલતું આવ્યું છે, ને ચાલેછે.

અંબા૦-કેમ, શેઠ ખુશી તો ખરા ?

કેસુર-હા, ખુશીમાં છું, ને તમે ખુશીમાં તો ખરા ?

અંબા૦-હા, અમે સૌ ખુશીમાં છીએ.

મોહન--બાપુ, તમે આવ્યા;
કેસુર-હા, બેટા, આવ્યો, તને અહીં ગમેછે?
મોહન-હા, બાપુ, મને ગમેછે.
કેસુર-બેટા, મગન, ક્યાંછે?
મોહન-એ ઘરમાં, ખાવા બેઠોછે.
(કેસુર, ઘરમાં, જાયછે)
કેસુર-કેમ? મગનલાલ, ખૂશીમાંછો ને ?
મગન-હા, આવો, ખાવા.
કેસુર-બેટા, તું, શું, ખાયછે ?
મગન-હું તો દૂધને, રોટલો, ખાઉંછું .
કેસુર-ચાલ, ખઇ, રહે .
(કેટલી એકવાર સૂની, મણી, સામૂ જોઇ રહેછે .ને કહેછે
કેસુર-કેમ, મણી, ખૂશીછું, કે ?
મણી-હા, તમે, ખૂશી તો ખરાં ?
કેસુર-હા, તમે મને ઓળખોછો .
મણી-જેવાં તેવાં ઓળખીએ ખરાં
કેસુર-જેવાં, તેવાં, કેમ ?
મણી-કંઈ વળી નાનપણમાં દીઠા હશે, તે કંઇ શાંભળે
વારૂં તમારૂ નામ શું તેતો કહો.
કેસુર-તમારે નામ પૂછીને શી જરુર છે.
મણી-ભલે ખોટું લાગતું હોય તો ના દો મારે કંઇ જરૂર નથી
કેસુર-જો જો ખોટું નહીં લગાડતાં મારૂ નામ કેસુર.
મણી-તમારૂ ગામ કીઉં ?
કેસુર-મારૂ ગામ શહેર.
મણી-તમે કંઇ આગળ રહો છો ?
કેસુર-અમથા ભાઇની ખડકીમાં
મણી-તમે ધંધો શો કરો છો?
કેસુર-તે બધી પૂછવાની, શીજરૂર, શું તમે કંઇ અજાણ્યા
હશો .

મણી–તેમાં ખોટું શું લગાડોછો .વખત, છે ને શેહેરમાં આવવાનું થાય તો ઘરની યાદગીરી, હોય તો તમારે, ત્યાં આવીએ.

કેસુર–ભલે આવજોની તેમાં હું ક્યાં ના કહુંછુ

મણી–શો ધંધો કરોછો. તે પૂછતાં તો મરચાં લાગ્યાં, ને આવીએ ત્યારેતો તમે શું લીલું કરવાના.

કેશુર–કરીશું કે નહીં કરીએ એ કંઈ મોઢે કહે બહુ ન થાય.

(કેટલીએક વાત કર્યા બાદ મણીની માએ હાંક મારવાથી તે જાય છે ને ચંચળ આવે છે.)

ચંચળ–શેઠ ઉઠો, નાઇ લો પાણી ઉનું છે, રસોઇ ટાઢી થઇ જાય છે.

કેસુર–આ ઉઠ્યો તમે પાણી તો કાઢો.?

ચંચળ–ચાલો પાણી તઇયાર છે. (જાયછે)

પ્રવેશ ૫ મો.

કેસુર પાછળથી મણી.

કેસુર મેડા ઉપર બેઠા બેઠા હીંચકો ખાય છે. મણી આવેછે.

મણી–કેમ શેઠ જમ્યા?

કેસુર–હા, તમે ખાધું?

મણી–અમે તો ક્યારનુંએ ખાધું.

કેસુર–વારુ. ત્યારે બેસો.

(તેને હાથ ઝાલી પોતાની પાસે બેસાડે છે ને કહે છે.)

કેસુર–કેમ છે પ્યા..........અરે! ભુલ્યો. ભુલથી કહે વાઇ ગયું, રીસ ન ચડાવશો હો?

મણી–પ્યા........કહી ને રહી જવાનું શું કારણ, એ આપે મને પુરો શબ્દ કહી બોલાવી હોત તો કેટલો આનંદ થાત.

કેસુર–તમારે ને મારે નવી પ્રીત તેથી કોણ જાણે રીસ ચઢે એમ જાણી ન કહયું.

મણી–એમાં વળી નવું શું ને જુનું શું.

કેસુર–તમારે મન એવું નહી હોય એવી મને શી ખબર. કહેવત છે કે "સ્ત્રીનો ભરૂંસો રાખવો નહીં". વખત છે ને કંઈ બોલી જાય ત્યારે મારે શું કરવું.

મણી–જો તમારે મન એવુંજ હોય તો અત્યારથીજ મારું નામ ન દેશો. (એમ કહી જવા માંડે છે.) (કેસુર તેનો પાલવ પકડી પાસે બેસાડી ચુંબન કરે છે ને કહે છે.

કેસુર–રીસ ચઢતાંએ વાર નથી લાગતી તો.

મણી–એમ બોલો ત્યારે રીસ ન ચઢે ?

કેસુર–વારૂ ત્યારે હવે નહીં બોલીએ.

મણી–તમારા શહેરમાં પાટલીની બંગડીઓ મળે છે કે?

કેસુર–હા, જોઇએ એટલી. જો તમારે જોઇતી હશે તો મોકલી દઇશ.

મણી–વારૂ,ત્યારે જોઇશે તો હું આવીશ ત્યારે કહીશ.

કેસુર–બેલાશક આવજો. તમે આવશો એટલે.........

મણી–એટલે.........કહી રહી ગયા તેનું શું કારણ ?

કેસુર–કંઇ નહીં.

મણી–હજુ સુધી આપ મનમાં મેલ રાખો છો, આપ અને માહારા વચ્ચે હવે આટલો પ્રેમ થયો તોપણ દીલ ખોલી વાત કરતા નથી.

કેસુર–આ બાબત ખોટું લગાડવાનું કંઇ કારણ નથી. હું એટલુંજ કહેતો હતો કે ત્યાં આવશો એટલે દુકાન-માંથી લુગડાં પૈકી જે કાંઇ જોઈતુ હશે તે કાઢી આપીશ.

મણી–કોણ જાણે અવાશે તો આવીશું. અંજળ પાણીના હાથમાં છે.

(કેસુર ફરી ચુંબન કરે છે.)

મણી-(મનમાં) (આજ મારો જન્મારો સફળ થયો. આવો ધણી મળ્યો હોત તો પણ સારૂ થાત.) (ઉઘડ) તમે જરા વિચાર નથી કરતા અહી કોઈ આવશે તો ફજેતી થશે.

કેસુર-ચાલો આપણે મોતીલાલના દીવાનખાનામાં જઇએ.

(બંને જણાં તે દીવાનખાનામાં જાય છે. ત્યાં મરજીમાં આવે તેવી ગમત કરી પાછા હિંદોળાખાટ ઉપર આવી બેસે છે.

મણી-આપ અહીં કેટલા દિવસ રહેવાના ?

કેસુર-બે ચાર દિવસ.

મણી-આવો પ્રેમ બાંધી જતા રહેવાના કેમ?

કેસુર-તમે વિચાર કરો કે સાસરે કેટલા દિવસ રહેવાય?

મણી-તે વાત સાચી. પણ પછી તમારે અમારે કયારે મેળાપ થવાનો?

કેસુર-જ્યારે ઇશ્વર કરશે ત્યારેજ તો. પણ તમે ગમે તેમ કરીને ત્યાં આવજો.

મણી-જો મારો વિવાહ ત્યાં થાય તો કેવું સારૂં?

કેસુર-નશીબમાં હશે તેમ થશે.

(બન્ને જણાં બે ચાર દિવસ ખુબ અમન ચમન ઉડાવ્યા બાદ કેસુર જવા તઇયાર થાય છે, ને કહે છે.—)

કેસુર-પ્યારી આજ હું રજા લઉં છું.

મણી— રાગ બનઝારા.

નહીં જાઓ મુકી મુને પ્યારા, રહો જીવનહાર અમારા;
કેમ પ્રીત લગાડી પ્યારા, હવે દ્રષ્ટી થકી થવું ન્યારા રે.
તો માન્યું કદી મુજ પ્યારા, રહો જીવનહાર અમારા.

કેસુર—

એ વાત ખરી મન માની, હે પ્રાણ સખે દિલ જાની.

તું ન કર સ્ત્રી હઠ પ્યારી, થશે હાટ તણી ખુવારી રે;
તો આપ રજા ઉર માની, હે પ્રાણ સખે દિલ જાની.

મણી—

ભલે પધારો પ્રીતમ સુખે, પણ કહું શું હું મુખે રે.
નકી મનમાં રાખજો પ્યારા, છો પ્રાણ આધાર અમારા.

કેસુર— રાગ સિંહાનો કનરો.

પ્રાણ પ્યારી તુજથી નથી રે જુદાઇ
મૃગ લોચની સુખ પામું હું આંહી.
સુંદર બદન છે તારૂં રતિસમ,
ગ્રહોની પણ નથી કાન્તી રે કાંઇ. પ્રાણ૦
કટી છે કેસરી લંકના સરખી,
ભાન ભુલ્યો પ્યારી તુજને હું નિરખી પ્રાણ૦
પ્રાણ પ્રીયા આપ રજા તું હવે,
(મુજ) હાટ તણી તો થશે રે ખુવારી. પ્રાણ૦

મણી-ભલે, આટલું કહ્યા છતાં આપ મારૂં કહેવું નથી સ્વીકારતા તો મારે કેમ કરવું?

કેસુર-મારે દુકાન તરફનું લફરૂં ન હોત તો હું રહી શકત પણ તેના લીધે હું ઘણો લાચાર છું,

મણી-એકાદ દિવસ રહો તો ઘણું સારૂં પછી આપની મરજી.

કેસુર-મેં તને આટલી બધીવાર કહ્યું પણ તું તારી હઠ છોડતી નથી. એ કંઇ સારૂં ન કહેવાય એમ કહી ચુંબન કરે છે.

મણી-ખેર! મારૂં નસીબ. લલાટમાં હશે તો ભેગાં થઈશું.

(બંને જણાંની મેડા ઉપર વાત થયા બાદ કેસુર નિચે આવી સરવેને મળી જાય છે. સરવે થોડેક સુધી વળાવી પાછા આવે છે.) ત્યાર બાદ મણીને પરણાવી તેના બાપે તેને સાસરે વળાવી દીધી,)

સંપુર્ણ.

પ્રથમથી ગ્રાહકથઈ આશ્રય આપનારનાં મુબારક નામ.

નકલ.	નામ.	ગામ
૫૦	નેકનામદાર દરબાર સાહેબ શ્રી કેશરખાનજી કાળુ બાવા	સંસ્થાન વજીરીઆ
૨૫	ને. દ. સા. શ્રી મોટાબાવા ફતેબાવા.	વોહોરા.
૨૫	ને.દ.સા.શ્રી. કાળુબાવા બાદરખાં	સંસ્થાન વનમાળા
૨૫	વકીલ માર્તનરાવ બાપુજી	સિધપુર પાટણ.
૧૦	કુવર મોતીસિંહ ચંદ્રસિંહ.	સં૦ ગડબોરીઆદ
૧૮	રા. રા. હરગોવનદાસ પરભુદાસ કારભારી સાહેબ.	સંસ્થાન વોહોરા
૧૦	રા. રા. માધવરાવ વિઠુલરાવ ત૦	એ.ટ.શાળેવજીરીઆ
૫	રા. રા. મહેતા હીરાલાલ મુલજી ભાઈ અવલ કારકુન.	સંસ્થાન વજીરીઆ
૧૦	રા. ખંડેરાવ કૃષ્ણરાવજી.	તીલકવાડા.
૧૦	રા. ગોરધન રણછોડ મહેતાજી.	વોહોરા
૭	દ. શ્રીનામોદી હીમતલાલ નાથા ભાઈ.	સંસ્થાન વજીરીઆ
૬	રા. રા. મંગળ ગોવિંદરામ. કારકુન	સંસ્થાન ઉંચાદ
૫	શા મગનલાલ નાથાભાઈ.	સાવલી
૫	વેકસીનેટર રામદાસ તુલસીદાસ	સંખેડા મેવાસ પશ્ચિમ વિભાગ
૬	રા.રા. લલ્લુભાઈ મોતીરામ. મહેતાજી.	કડાછલા
૬	રા. રા. નરોતમ અનોપરામ મે૦	વાડીઆ.
૫	દ. શ્રીના મો. ત્રીભોવન નાથા ભાઈ.	સંસ્થાન વજીરીઆ
૫	સ્કુ. ચે. નજરખાં મીઆં.	સંસ્થાન વોહોરા
૫	પાઠક ધીરજરામ મણીશંકર.	વજીરીઆ

૫	મે૦ અંબાલાલ ત્રીકમલાલ.	વજીરીઆ.
૫	પાઠક ઉમીઆશંકર શીવરામ માનીટર.	,,
૫	પહાડશંગ કાલુબાવા.	,,
૫	રા. રા. આપાજી આબાજી ફોરેસ્ટ ઇન્સપેકટર.	,,
૫	શા મોતીલાલ વલ્લવદાસ.	વોહોરા
૫	ડા. રેવાશંકર ગોવરધન.	કઠલાલ
૫	મો. હીંમત વાઘબાજી.	વોહોરા
૫	ભા. વનમાળી પરસોતમ.	,,
૫	પાઠક મહાશંકર દલપતરામ	વજીરીઆ
૫	શા. મગનલાલ કેસુરદાસ.	,,
૫	સુતાર ઇશ્વર માધવ.	,,
૫	સોની પીતાંબર બાપુલાલ.	,,
૫	શા હીંમતલાલ હરગોવન.	તીલકવાડા
૫	શા છોટાલાલ મુલજી.	અંધરાળ
૫	પાઠક દલપતરામ ગણપતરામ. મોનીટર.	વોહોરા
૫	સોની બાપુલાલ મોહનલાલ.	,,
૫	વજીર પ્રભાતસંગ મોકમસંગ	,,
૫	શા છગનલાલ નાથાભાઇ	,,
૫	શા રણછોડ હરગોવન.	,,
૫	શા મગન ગરબડ.	કારવણ
૫	રાઠોડ જીતખાં નાથખાં.	વોહોરા
૫	ભા. ઇશ્વર નરોતમ.	,,
૫	શા મોતીલાલ મીઠાલાલ.	,,
૫	શા હીંમતલાલ કેસવલાલ.	,,
૫	શા મોહનલાલ ભુરાભાઇ.	,,
૫	શા નાથાલાલ જમજીવન.	,,
૫	પોષ્ટમેન કાભાઇ ખુસાલ	બ્રેન્ચ પોષ્ટઓફીસ તીલકવાડા
૫	પોષ્ટમેન દામોદર દાદાભાઇ.	,,
૫	શા લલ્લુભાઇ શીવલાલ.	વોહોરા
૫	શા ચુનીલાલ વ્રજલાલ	,,

ર ખબર.

છપાય છે.

કદી નહીં	પંચમહાલ અને	પ્રથમથી ગ્રાહક
છપાએલી	રેવાકાંઠાની પ્ર-	થનારને સેંકડે
જુજ કીં-	શ્નોતર રૂપે	૨૫ ટકા કમી
મતમાં.	ભૂગોળ.	શન આપીશું.

છુટક નકલની કીંમત રૂ ૦-૧-૦ ને રૂ ૧) ની સામટી લેનારને નંગ. ૨૪ મળશે. પોસ્ટેજ ખર્ચ માફર. રોકડેથી કે વેલ્યુપેબલથી મોકલવામાં આવશે. નોટ પેડ પત્ર લેવામાં આવશે નહીં. જોઇએ તેણે નિચેના સરનામે લખવું.

નારાયણરાવ કેશવરાવ.

સ. ગૂ. નિશાળના આ. માસ્તર. સંસ્થાન વોહોરા.

કંપોઝીટરો જોઇએછે.

કપડવંજ મિત્રમંડળ મુદ્રાલય સારૂ કંપોઝીટરો જોઇએ છે. પગાર લાયકાત પ્રમાણે આપવામાં આવશે. ઉમેદવારોએ પોતાની લાયકાત સાથે મજકુર છાપખાનાના મેનેજરને શિરનામે અરજ કરવી.